જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૬/૧૧/૨૦૧૭ ગુરૂવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

<u>નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-</u> <u>સમાચાર યાદી નં.૨૩૦૬/૧૭</u>

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ૭૨ કેસ કરી, ૬૭ વ્યક્તિઓને ઝડપી, ૩૫૭ લીટર દેશી દારૂ, ૫૮૦ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧ સ્કુટર અને ૧ ઓટોરીક્ષા કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૪ કેસ કરી ૧૭ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨૮,૯૨૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

<u>તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-</u> <u>સમાચાર યાદી નં.૨૩૦૭/૧૭</u>

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સીઆર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૫૩૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૮૨ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**<u>છેતરપીંડી અને વિશ્વાસઘાત :-</u>** **<u>સમાચાર યાદી નં.૨૩૦૮/૧૭</u>**

**નવરંગપુરા :** ચિરાગભાઇ ઇન્દ્રવદન શાહ (રહે,પાયલનગર બેઠક પાછળ નરોડા) એ તા.૧૫/૧૧/૧૭ નારોજ નવરંગપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૬/૦૯/૧૭ થી તા.૧૫/૧૧/૧૭ દરમ્યાન આરોપી (૧) કિશનભાઇ કલ્પેશભાઇ પનારા (૨) હેલી કલ્પેશભાઇ પનારા (૩) કલ્પેશ પનાર (રહે, સુરસાગર ફ્લેટ સોલા રોડ ઉમેદપાર્કની સામે સાંઇબાબાના મંદીરની સામેના ખાંચામા સત્તાધાર ઘાટલોડીયા) ભેગા મળી નવરંગપુરા ઇન્કમટેક્ષ ચાર રસ્તા પાસે દિનેશ હોલની ગલીમાં સિધ્ધાર્થ કોમ્પલેક્ષના ગ્રાઉન્ડ ફ્લોરમા દુકાન નંબર-૫ મા આવેલ નવરંગ હોલીડેઝ નામની ઓફીસમાં ચિરાગભાઇને કેરાલાની ટુર્સ પેકેજમા તમામ પ્રકારની રહેવા જમવાની તેમજ ટુરમાંથી પરત આવવા એર ટીકીટની સગવડ આપવામા આવશે તેવો વિશ્વાસ અને ભરોસો આપી, ચિરાગભાઇ પાસેથી કુલ-૧૫ વ્યકિતના કુલ રૂપિયા ૨,૪૭,૫૦૦/- મેળવી લઇ, તેઓએ જણાવ્યા મુજબની ટુર દરમ્યાન કોઇ સગવડ નહી આપી, તેમજ ચિરાગભાઇના પૈસા પણ પરત નહી આપી, ચિરાગભાઇ સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પોસ.ઈ.શ્રી પી.ટી.ચૌધરી ચલાવે છે.

**સરદારનગર :** દિવેશભાઇ વાસુદેવભાઇ મોઇ (રહે,શ્યામસુંદર સોલા મેમનગર માનવમંદીર પાછળ ઘાટલોડીયા) એ સરદારનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૪/૧૧/૧૭ બપોરનાં ૦૨/૩૦ વાગ્યાના સુમારે નોબલનગર નંદીગ્રામ પાસે રોડ ઉપર આરોપી દિપકભાઇ (જેના પુરા નામ સરનામાની ખબર નથી) એ દિવેશભાઇને ને વિશ્વાસમાં લઇ, તેમની પાસેથી તેલના ડબ્બા નંગ-૭૫ કુલ કિંમત રૂપિયા ૭૫,૦૦૦/- મતાના લઇ જઇ, તે પેટે કોઇ રકમ નહીં ચુકવી દિવેશભાઇ સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પોસ.ઈ.શ્રી નોબલનગર ચોકી નાઓ ચલાવે છે.

**ગુજરાત યુનિવર્સીટી :** ઉજાસભાઇ કિર્તીભાઇ ગજ્જર (ઉ.વ.૨૫)(રહે,ભોલાભાઇ પાર્ક વિભાગ-૧ આઇ.ઓ.સી.રોડ ચાંદખેડા) એ ગુજરાત યુનિવર્સીટી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૫/૦૬/૧૭ રાતનાં ૦૦/૧૫ વાગ્યાના સુમારે નવરંગપુરા ગુજરાત યુનીવર્સીટી ટાવર, ગુજરાત યુનીવર્સીટી કેમ્પસ ખાતે આરોપી સાગર મહેંદ્રભાઇ વ્યાસ (ઉ.વ.૨૩)(રહે,ઇંદ્રપ્રસ્થ ટાવર હીમાલયા મોલ પાસે ડ્રાઇવ-ઇન રોડ વસ્ત્રાપુર) એ પોતાનું ખોટુ નામ સિધ્ધાર્થ ચાવડા આપી, છેતરપીંડી કરવાના આશયથી કેનન કંપનીનો કેમેરો કિંમત રૂપીયા ૨,૦૦,૦૦૦/- મતાનો કેમેરાકીટ સાથેનો બદદાનતથી કપટપૂર્વક ખોટા નામે ઠગાઇ કરી લઇ જઇ, ઉજાસભાઇ સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પોઈ.શ્રી વી.એસ.ચંપાવત ચલાવે છે.

**નજર ચુકવી ચોરીઃ-** **સમાચાર યાદી નં.૨૩૦૯/૧૭**

**કાલુપુર:** રાજેશકુમાર ચંદુલાલ મોદી (ઉ.વ.૫૫)(રહે,સર્વોદય સોસાયટી, કુમાર શાળાની બાજુમાં કોલેજ રોડ તા-તલોદ જી.સાબરકાંઠા) એ કાલુપુરપોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૫/૧૧/૧૭ બપોરના ૨/૦૦ વાગ્યાના સુમારે કાલુપુર ટંકશાળ રોડ, ધીયા ટ્રેડર્સ નામની દુકાનમાંથી કોઇ અજાણી વ્યક્તિ રાજેશકુમારનો થેલો કે જેમાં જુદા-જુદા દરની નોટો કુલ રૂપિયા ૨,૫૦,૦૦૦/- ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પોસ.ઈ.શ્રી એસ.એચ.મછાર ચલાવે છે.

**વાહન ચોરીઃ-** **સમાચાર યાદી નં.૨૩૧૦/૧૭**

**ઓઢવઃ** આદિત્યકુમારસીંગ વિજયસિંગ તોમર (રહે.નૈયા પેરેડાઇઝ સ્વયંભુ હોસ્પીટલ એસપી.રીંગ રોડ) એ તા.૧૩/૧૧/૧૭ રાતના ૮/૦૦ વાગે ઓઢવ રબારી વસાહત રણછોડજીના મંદિરની બાજુમાં લાલાભાઇ રબારીના ગોડાઉનમાં “ઓમ શ્રી લોજીસ્ટીક” નામના ટ્રાન્સપોર્ટ આગળ પોતાની બોલેરો પીકપ ગાડી નંબર જી.જે.૦૧.ડી.ઝેડ.૯૭૧૮ કિમત રૂપિયા ૪,૫૦,૦૦૦/- પાર્ક કરી હતી. જેની ચોરી તા.૧૪/૧૧/૧૭ સવારના ૫/૦૦ વાગ્યા દરમ્યાન થઈ હતી. આ અંગેની ફરીયાદ આદિત્યકુમારસીંગએ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પોસ.ઈ.શ્રી આર.એન.ખાંટ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.